## પશ્ચિમ રેલ્વે પોલીસ યુનિટ વડોદરાની તા. ૦૫/૦૨/૨૦૨૩ થી તા. ૧૧/૦૨/૨૦૨૩ સુધીના વિકની સારી કામગીરી (પોલીસ સાફલ્ય ગાથા) ની વિગત :-

**(૧) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૨૫/૨૦૨૩ તા.૦૭/૦૨/૨૦૨૩ :-**

તા. ૦૭/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રે.સ્ટે. ખાતે હાજર હતા તે વખતે એક્ઝીટ ગેટ પાસે એક છોકરી એકલી ઉભેલી જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેના માતા પિતા ૦૮ વર્ષથી અલગ-અલગ રહેતા હોઇ અને તે પોતાની માતા પાસે એક વર્ષથી રહેતી હોય જેથી તેને પિતાની યાદ આવતા તે પોતાના પિતાશ્રી જેઓ થાના સલેમપુર જી.દેવરીયા ઉતરપ્રદેશ રહેતા હોઇ ત્યા જવા સારૂ ઘરેથી કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા તેને સુરત રે.પો.સ્ટે. લાવી નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ સલોની ડો/ઓ રામદુલાર જાતે રાજભર ઉ.વ.૧૪ ધંધો. ઘરકામ રહે. ઘર નં ૩૦૮ દર્શ સોસાયટી ક્રિષ્ણાપેલેસ કરેલી ગાર્ડન બાજુમા કડોદરા સુરતવાળી પાસેથી તેની માતાનો સંપર્ક નંબર મેળવી જાણ કરતા તેઓ સુરત રેલ્વે પોલીસ સ્ટેશન ખાતે લેવા માટે આવતા છોકરીની માતાનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી સદર છોકરીનો કબ્જો તેની માતા નામે દેવંતીદેવી વા/ઓ રામદુલાર જાતે રાજભર ઉ.વ.૩૬ ધંધો. સાડી ફેક્ટરીમા મજુરી રહે. ઘર નં ૩૦૮ દર્શ સોસાયટી ક્રિષ્ણાપેલેસ કરેલી ગાર્ડન બાજુમા કડોદરા સુરત વાળીને રૂબરૂમા સોપવામા આવેલ છે. જે બાબતે સ્ટે.ડા.મા નોધ કરવામાં આવેલ છે.

**(૨) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા.એન્ટ્રી નંબર : ૩૫/૨૦૨૩ તા.૦૭/૦૨/૨૦૨૩ :-**

તા.૦૭/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ તથા આર.પી.એફ. વુમન કોન્સ. શ્રદ્ધાપાલ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે દહેરાદુન એકસ. ટ્રેનમાં એક છોકરી એકલી જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તે મુબંઇ ખાતે એકટીગમાં જવા સારૂ તેના વતનથી નિકળેલ હોવાનુ જણાવતી હોય તેને સુરત રેલ્વે સ્ટેશન પ્લે.નં. ૧ ઉપર ચોકી ઉપર લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ ઇક્રારખાતુન ડો/ઓ આફતાબ જાતે અનાસી (ખાતુન ) ઉ.વ. ૧૩ ધંધો ઘરકામ રહે રહમતનગર, શુક્લાગંજ, મઝાર, પીપરખેડ ગૈર અહમતમાલી ઉન્નાવ ઉત્તરપ્રદેશ વાળીના વાલી વારસોના સંપર્ક નંબર વિશે પુછતા તેને યાદ ન હોવાથી સદર છોકરીના વાલીવરસો ન મળી આવે ત્યા સુધી તેને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ રામનગર રાંદેર સુરત ખાતે મુકવામાં આવેલ.

બાદ તા ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ સદર છોકરીના પિતા આફતાબ જાતે અનાસી (ખાતુન )નાઓ લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છોકરીનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે

**(3) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૪/૨૦૨૩ તા.૦૮/૦૨/૨૦૨૩ :-**

તા. ૦૮/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે ચાર બાળકો એકલા ભીખ માગતા જોવામાં આવતા તેઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે તેઓના માતાપિતા તેઓને ભીખ માગવા મોકલેલ હોય જેથી તેઓના માતાપિતાના સંપર્ક નંબર વિશે પુછપરછ કરતા તેઓએ ખબર ન હોવાનુ જણાવતા સદર બાળકોના નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) વિશાલ સ/ઓ લવકુશ જાતે મિશ્રા ઉ.વ.૧૦ધંધો.ભીખમાગવાનો રહે ગીતાનગર -૦૨ પંડેસરા . સુરત (૨) અંકિતસીગ સ/ઓ લક્ષ્મીસીગ જાતે સીગ ઉ.વ.૦૮ ધંધો ભીખ માગવા નો રહે ગીતાનગર-૦૨ પંડેસરા સુરત (3) સુજેલ સ/ઓ રાજેશ જાતે વાઘરી ઉ.વ. ૧૦ ધંધો ભીખ માગવાનો રહે આશાપુરી હાઉસીગ પાંડેસરા સુરત (૪) સની સ/ઓ દિનેશ જાતે વાઘરી ઉ.વ.૦૯.ધંધો ભીખમાગવાનો રહે મોતીટોકીઝ સલાબતપુરા રસ્તા ઉપર સુરત વાળા હોવાનુ જણાવતા હોય તેઓના વાલીવારસોની તપાસ ન થાય ત્યા સુધી તેઓને શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે.

**(૪) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૧૮/૨૦૨૩ તા.૦૯/૦૨/૨૦૨૩ :-**

તા. ૦૯/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે સુરત રે.સ્ટે. પ્લે નં ૦૪ ઉપર બે બાળકો સ્કુલ યુનીફોર્મમા એકલા બેસેલ જોતા પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે તેઓ ભુલથી બસમાં બેસીને સુરત રેલ્વે સ્ટેશન આવી ગયેલ હોવાનુ જણાવતા બન્ને બાળકોને સુરત રેલ્વે પોલેસ સ્ટેશન લાવી તેઓનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ (૧) સુરજ સ/ઓ પપ્પુ જાતે બિંદ ઉ. વ. ૧૨ ધંધો અભ્યાસ નગરપ્રાથમિક ડિડોલી શાળામાં ધોરણ ૦૫ માં અભ્યાસ રહે શ્રીનાથ સોસાયટી ડિડોલી સુરત તથા તેનો ભાઇ નામે (૨) નિરજ ઉ.વ.૦૭ રહે સદર વાળાના સ્કુલ બેગ ચેક કરતા મોબાઇલ નંબર મળી આવતા નંબર ઉપર સંપર્ક કરી જાણ કરતા તેઓએ જણાવેલકે તમે જણાવો છો તે બાળકો તેઓની બહેનપણી નામે અનિતાદેવીના છોકરા છે અને તેઓની સાથે મજુરી કામ કરવા આવે છે તેમ જણાવતા તેઓની માતા સાથે વાત કરતા બાળકોની માતાએ જણાવેલ કે સવારના તેઓને સાતેક વાગે સ્કુલમાં મુકી આવેલ હતી અને પોતે મજુરી કામ કરવા જતી રહેલ ત્યાર બાદ તેની બહેન પણીએ જણાવેલ કે તેના બન્ને દિકરા સ્કુલમાંથી ભાગીને સુરત રેલ્વે સ્ટેશન ઉપર મળી આવેલ છે તેમ જણાવતા તે સુરત રે.પો.સ્ટે. ખાતે લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી બન્ને બાળકોનો કબ્જો તેની મતા નામે અનિતાદેવી વા/ઓ પપ્પુબિંદ જાતે બિંદ ઉ.વ. ૨૬ ધંધો મજુરી રહે મુળ ગામ બાલુપુર થાના ચુનરા જી પટના રાજ્ય બિહાર હાલ રહે શ્રીનાથ સોસાયટી ડિડોલી સુરત વાળીને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામા આવેલ છે.

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૧૯/૨૦૨૩ તા.૦૯/૦૨/૨૦૨૩ :-**

તા. ૦૯/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ શી ટીમ સાથે સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે સુરત રે.સ્ટે. પ્લે નં ૦૧ ના દાદર પાસે એક છોકરી એકલી જોવામા આવતા તેની પુછપરછ કરતા તે વ્યવસ્થિતી બોલી શક્તિ ન હોય જેથી સદર બાળકી વિશે સુરત રેલ્વે સ્ટેશન ઉપર એનાઉન્સમેન્ટ કરાવતા બાળકીના વાલીવરસો મળી નહી આવતા સદર બાળકીને શ્રી વી.આર. પોપાવાલા ચિલ્ડ્રન હોમ શિશુગૃહ કતારગામ સુરત ખાતે મુકવામાં આવેલ બાદ પોલીસ સ્ટેશનમા મીસીગ તુમારી કામ કરતા હાજર હતા તે વખતે એક ઇસમ નામે નુરસલામ સ/ઓ જલુમીયા જાતે આલમ ઉ. વ.૨૪ રહે વોર્ડ નં૦૬ ગ્રામ ઢબિયા ભવાનીપુર પશ્ચિમ ચમ્પારણ જોગપત્તી બિહાર મોનં ૬૨૦૭૨૪૪૧૦૫ વાળાએ જણાવેલ કે તેઓ વતનમાં જવા સારૂ સુરત રેલ્વે સ્ટેશન ઉપર આવેલ હતા અને રાત્રીના અવધ એક્સ માં જવાનુ હોવાથી તેઓના રહેણાકના સ્થળેથી વાહન ન મળતુ હોવાથી તેઓ સાંજના સાતેક વાગે સુરત રેલ્વે સ્ટેશન આવીને બેસેલ હતા અને તે દરમ્યાન બાળકીના જમવા લેવા ગયેલ હતા અને બાળકી માતા સાથે હોય અને તેઓને ઉંઘ આવી જતા બાળકી રમતા રમતા નિકળી ગયેલ હતી બાળકી સ્પષ્ટ બોલી શક્તિ ન હોય જેથી બાળકીના વાલીવારસો ન આવે ત્યા સુધી બાળકીને વી.આર.પોપાવાલા ચિલ્ડ્રન (શિશુગ્રુહ)હોમ કતારગામ સુરત મુકવામાં આવેલ બાદ આજરોજ સદર બાળકીના માતાપિતા આવી સર્વ હકીકત જણાવતા બાળકીનુ નામ ઠામ પુછતા ફોટો બતાવી મહેનાઝ ડો/ઓ નુરસલામ જાતે આલમ ઉ.વ. ત્રણ વર્ષ અને છ મહીના વાળી નાઓને શિશુગ્રુહ માંથી લાવી બાળકીના મતાપિતાના તથા બાળકીના યોગ્ય આધાર પુરાવા મેળવી બાળકીનો કબ્જો માતાપિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**(૫) સુરત રે.પો.સ્ટે. સ્ટે.ડા. એન્ટ્રી નંબર : ૨૩/૨૦૨૩ તા.૧૦/૦૨/૨૦૨૩ :-**

તા. ૧૦/૦૨/૨૦૨૩ ના રોજ વુ.એ.એસ.આઇ. મનીષાબેન મધુકર બ.નં. ૪૩૫ નાઓ સુરત રેલ્વે સ્ટેશન ઉપર પેટ્રોલીગમાં હાજર હતા તે વખતે પ્લે નં ૦૧ ના દાદર ઉપર એક બાળકી એકલી બેસેલ જોવામા આવતા તેની પુછપરછ કરતા તેને જણાવેલ કે તેને ઉત્તરપ્રદેશ જવાનુ છે અને તેના વાલીવરસો વિશે પુછતા યોગ્ય માહીતી આપતી ન હોય જેથી તેને પોલીસ સ્ટેશન લાવી તેનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ...

...કાજુકુમારી ડો/ઓ પ્રભુદયાલ જાતે જયસ્વાલ ઉ.વ.૧૫ ધંધો અભ્યાસ રહે. ઘર નં ૦૪ નિલકંઠ સોસાયટી કાપોદ્રા સુરત વાળી હોવાનુ અને પોતાને પોતાની બાજુમાં રહેતો છોકરો નામે કુન્દનકુમાર સ/ઓ બીરબલ શાહ ઉ.વ. ૧૬ રહે કાપોદ્રા વાળા સાથે પ્રેમ સબંધ બંધાયેલ જે બાબતની જાણ તેના માતાપિતાને થતા સદર છોકરાના માતાપિતાએ છોકરાને તેના વતન બિહાર મોકલી આપેલ અને પોતે સદર છોકરા સાથે ફોન ઉપર વાત કરતા દરમ્યાન પોતાને વતન બોલાવી લગ્ન કરાવાનુ જણાવતા હું સવારના ઘરેથી કોઇને જાણ કર્યા વગર નિકળી આવેલ હોવાનુ જણાવતા તેની પાસે તેના માતા-પિતાના મો.નં. વિશે પુછતા જણાવતી ન હોય જેથી કાપોદ્રા પોલીસ સ્ટેશનમાં ફોન કરી સદર છોકરી વિશે માહીતી આપતા તેઓએ જણાવેલ કે છોકરીના પિતા કાપોદ્રા પો.સ્ટે.મા આવી પોતાની છોકરી સવારના ઘરેથી ગુમ થયેલ છે અને તપાસ કરતા મળી નહી આવતા જે અંગેની ફરીયાદ કરવા  આવેલ જેથી હાજર પી.એસ.ઓ.એ છોકરીના પિતાને સુરત રેલ્વે પોલીસ સ્ટેશન મોકલી આપતા તેઓ સુરત રે.પો.સ્ટે.મા  છોકરીને લેવા માટે આવતા તેઓનુ નિવેદન તથા યોગ્ય આધાર પુરાવા મેળવી છોકરીનો કબ્જો તેના પિતાને રૂબરૂમા સોપવામાં આવેલ છે જે બાબતે સ્ટે.ડા માં નોધ કરવામાં આવેલ છે

**"પોલીસ અધિક્ષકશ્રીની આજ્ઞાનુસાર "**

Sd/-
( એસ.ડી. ભટ્ટ )
રીડર પો.સબ ઇન્સ.
પોલીસ અધિક્ષકની કચેરી
પશ્ચિમ રેલ્વે, વડોદરા